# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-02-2025** **EVENING : 7.50 TO 8.00**
**Day :TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, સરકારની યોજનાઓને કારણે 25 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે
2) ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું છે કે, અત્યાર સુધી 38 કરોડથી વધુ શ્રધ્ધાળુઓએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું
3) ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાની રચના મુદ્દે પાંચ સભ્યોની સમિતિની રચના કરાઇ
4) આવતીકાલે યોજાનારી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારી પૂર્ણ
5) મુંબઇ શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ એક હજાર 397 પોઇન્ટ વધીને 78 હજાર 583

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MOTION OF THANKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારે ગરીબ લોકોનાં કલ્યાણ માટે અનેક પગલાં લીધાં છે, જેને કારણે 25 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. તેમણે જણાવ્યું કે, સરકારની પ્રતિબધ્ધતા, સમર્પણ અને આકરી મહેનતને કારણે આ શક્ય બન્યું છે.

સંસદનાં સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાના જવાબમાં પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિના ભાષણની પ્રશંસા કરી હતી

## (બાઈટ – પી-એમ વિકસિત ભારત)

શ્રી મોદીએ સરકારની અનેક યોજનાઓની સિધ્ધિઓ ગણાવતા જણાવ્યું કે, તેમની સરકાર દ્વારા ગરીબ લોકોને ચાર કરોડ ઘરો પૂરાં પાડવામાં આવ્યા છે, દેશભરમાં 12 કરોડ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને જળ જીવન મિશન હેઠળ 12 કરોડ નળનાં જોડાણ આપવામાં આવ્યા છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં આવકવેરામાં ઘટાડાને કારણે મધ્યવર્ગનાં લોકોની આવકમાં મોટો વધારો થયો છે. તાજેતરમાં અંદાજપત્રમાં સરકારે 12 લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્ત કરી છે, જે મધ્યમવર્ગની નાણાકીય સ્થિતિ મજબૂત કરવાની દિશામાં મહત્વનું પગલું છે.

**પ્રધાનમંત્રીએ જણાવ્યું કે સરકારની વિવિધ યોજનાઓને લાભ સાચા લાભાર્થીઓ સુધી પહોંચાડવા સરકારે હંમેશા પ્રયત્ન કર્યો છે.**

**(બાઈટ પી-એમ ઓન સ્કીમ)**

**અગાઉ, ચર્ચામાં ભાગ લેતા સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે જણાવ્યું કે, દેશમાં અપાર સંભાવનાઓ અને સંસાધનો હોવા છતાં વર્તમાન સરકાર વાસ્તવિક ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ કરવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે મહાકુંભ દુર્ઘટનાનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે, પ્રયાગરાજમાં ભીડને કાબુમાં લેવામાં ઉત્તરપ્રદેશ સરકાર નિષ્ફળ ગઈ છે.**

**અખિલ ભારતીય તૃણમુલ કોંગ્રેસના સાંસદ સૌગત રાયે** જણાવ્યું કે, ઉત્પાદન ક્ષેત્રમાં ભારત અનેક દેશો કરતા પાછળ છે.

ચર્ચાના અંતમાં ગૃહે **સંસદનાં સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવને ધ્વનિમતથી પસાર કર્યો હતો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS-STARTUPS:

ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ- DPIIT દ્વારા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સની સંખ્યા 2024ના અંત સુધીમાં 1 લાખ 57 હજાર હતી. લોકસભામાં એક પ્રશ્નનાં લેખિત જવાબમાં વિગતો આપતા, વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદે જણાવ્યું હતું કે સરકારે સ્ટાર્ટઅપ ઇન્ડિયાની 2016માં સ્થાપના થઈ ત્યારથી તેના અસરકારક અમલીકરણ માટે ઘણી પહેલ કરી છે. એક અન્ય પ્રશ્નના જવાબમાં, મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નિકાસ પ્રોત્સાહનની વિકેન્દ્રીકરણ પ્રવૃત્તિઓના ભાગ રૂપે દેશભરના 590 જિલ્લાઓ માટે જિલ્લા નિકાસ કાર્ય યોજનાઓ તૈયાર કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MAHAKUMBH BHUTAN NARESH

અને હવે મહાકુંભ અંગેનાં સમાચાર

**(મ્યુઝીક – મહાકુંભ)**

પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી આવતીકાલે મહાકુંભ મેળાની મુલાકાત લેશે અને પવિત્ર સંગમમાં આસ્થાની ડૂબકી લગાવશે. શ્રી મોદી માં ગંગાની પૂજા અર્ચના પણ કરશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું છે કે, સરકાર મૌની અમાસનાં રોજ મહાકુંભ દુર્ઘટનામાં ઊંડી તપાસ કરશે અને કાવતરાખોરોને ખુલ્લાં પાડશે. તેમણે જણાવ્યું કે, છેલ્લાં 22 દિવસમાં 38 કરોડથી શ્રધ્ધાળુઓએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું છે.

દરમિયાન, ભૂતાન નરેશ જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુકે આજે પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં પવિત્ર સ્નાન કર્યું હતું. શ્રી વાંગચુકે અક્ષયવટ અને બડે હનુમાન મંદિરના પણ દર્શન કર્યા હતા.

તેમણે ડિજિટલ મહાકુંભ અનુભવ કેન્દ્રમાં આધુનિક ટેકનિકના માધ્યમથી મહાકુંભની માહિતી મેળવી હતી. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો અહેવાલ.....

**(વોઇસ કાસ્ટ – દીપેન્દ્ર)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# VAISHNAW- MOBILE MANUFACTURING

છેલ્લા 10 વર્ષમાં ભારતે મોબાઇલ અને ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે 2014માં ફક્ત બે મોબાઇલ ઉત્પાદન એકમો હતા, આજે દેશમાં 300થી વધુ એકમો છે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે મોબાઇલ ફોન ઉત્પાદનનું મૂલ્ય નાણાકીય વર્ષ 2014 માં 18 હજાર 900 કરોડ રૂપિયાથી નોંધપાત્ર રીતે વધીને નાણાકીય વર્ષ 2024 માં 4 લાખ 22 હજાર કરોડ રૂપિયા થયું છે. તેમણે ઉમેર્યું હતું કે નિકાસ પણ 1 લાખ 29 હજાર કરોડ રૂપિયાને વટાવી ગઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતમાં મોબાઇલ ફોન ઉત્પાદને છેલ્લા દાયકામાં 12 લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કર્યું છે.

શ્રી વૈષ્ણવે નોંધ્યું કે મેક ઇન ઇન્ડિયા કાર્યક્રમ આત્મનિર્ભરતાને આગળ ધપાવી રહ્યો છે, ઉત્પાદનને વેગ આપી રહ્યો છે અને રોજગારીનું સર્જન કરી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . .

# UNIFORM CIVIL CODE COMMITTEE

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા પાંચ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સર્વોચ્ચ અદાલતના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈ આ સમિતિના અધ્યક્ષ હશે.

આ સમિતિમાં અન્ય સભ્યો તરીકે નિવૃત્ત વરિષ્ઠ સનદી અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર તેમજ ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબહેન શ્રોફનો સમાવેશ કરાયો છે. આ સમિતિ 45 દિવસમાં પોતાનો અહેવાલ સરકારને સોંપશે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે સમાન નાગરિક સંહિતમાં આદિવાસી સમાજના રીતિ-રિવાજોનું સંરક્ષણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS-PACS

કેન્દ્ર સરકારે જણાવ્યું કે પેટ્રોલ અને ડીઝલ પંપની છૂટક ડીલરશીપ લેવા માટે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા 26 પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટીઓ, PACS ની પસંદગી કરાઇ છે. લોકસભામાં કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે માહિતી આપી હતી કે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે આ સંદર્ભમાં PACSને પ્રાથમિકતા આપવા માટે તેની માર્ગદર્શિકામાં સુધારો કર્યો છે. તેમણે કહ્યું કે, PACSને તેમના જથ્થાબંધ કન્ઝ્યુમર પંપને રિટેલ આઉટલેટ્સમાં રૂપાંતરિત કરવાનો વિકલ્પ પણ અપાયો છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું કે, નાબાર્ડ અને CSC ઈ-ગવર્નન્સ સર્વિસીસ લિમિટેડ વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતા જેથી PACS કોમન સર્વિસ સેન્ટરો દ્વારા 300 થી વધુ ઈ-સેવાઓ પૂરી પાડી શકે. હાલમાં 33 રાજ્યોમાં 42 હજારથી વધુ PACS, CSC તરીકે કાર્યરત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DELHI ELECTION

70 સભ્યોની દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે મતદાન થશે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સુનિશ્ચિત થાય તે માટે તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી છે. ચૂંટણી પંચે વિધાનસભા ચૂંટણી માટે એક લાખ 80 હજારથી વધુ કર્મચારીઓને તૈનાત કર્યા છે.  ચૂંટણીમાં કુલ 699 ઉમેદવારો મેદાનમાં છે.

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા પોલિસ ગુના શાખાના સ્પેશ્યલ કમિશનર  દેવેશ ચંદ્ર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ચૂંટણી પંચની સૂચના મુજબ, વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. શનિવારે મત ગણતરી થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SENSEX SURGES 1,397 POINTS

મુંબઇ શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ અને એનએસઇ નિફ્ટી આજે એક ટકાથી વધુની તેજી સાથે બંધ થયા હતા. સેન્સેક્સ અગાઉનાં બંધથી એક હજાર 397 પોઇન્ટ વધીને 78 હજાર 583 પર અને નિફ્ટી 387પોઇન્ટ વધીને 23 હજાર 739 પોઇન્ટ પર બંધ રહ્યો હતો. નિફ્ટીનાં 50 શેરમાંથી 39 શેર વધીને બંધ રહ્યા હતા. નિફ્ટી પીએસયુ બેન્ક અને પ્રાઇવેટ બેન્ક ઇન્ડેક્સ બે ટકા વધ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KASHMIR HIMACHAL SNOWFALL

હિમાચલપ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હવામાન બદલાતા ઉપરના વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ રહી છે. શિમલા અને મનાલી સહિત અન્ય શહેરોમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે અને કેટલીક જગ્યાએ હળવો વરસાદ પડ્યો છે. ગઈકાલ રાતથી કિન્નૌર, લાહૌલ-સ્પિતિ, કુલ્લુ અને ચંબા જિલ્લાના ઉપરના ભાગોમાં હળવી હિમવર્ષા થઈ રહી છે.

આજે સવારે લાહૌલ સ્પીતિ જિલ્લાના તાબોમાં માઇનસ 7.1 ડિગ્રી, મનાલીમાં 4.1ડિગ્રી, ધર્મશાલામાં 5.5 ડિગ્રી અને શિમલામાં 7.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જમ્મુ અને કાશ્મીરમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવાથી મધ્યમ હિમવર્ષા થવાની શક્યતા છે, જ્યારે મેદાની વિસ્તારો અને દક્ષિણ કાશ્મીરમાં હળવી હિમવર્ષા થવાની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, જમ્મુના મેદાની વિસ્તારોમાં હળવો વરસાદ અને ચેનાબ ખીણમાં હળવી બરફવર્ષા થવાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .